સુવિચાર : જયારે તમે કોઈની પાસે હૃદય ખોલી દીધું હોય, તેની પાસે હોઠ બંધ કરી બેસી ન રહો... - અસીમ રાંધેરી

શુભ પાટનગરનું પોતાનું અખબાર લાભ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૪૫ | ૧૬ નવેમ્બર, ૨૦૧૫, સોમવાર ; કારતક સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- જી-૨૦ બેઠક પૂર્વે આત્મઘાતી બ્લાસ્ટ : ૪ પોલીસ ઇજાગ્રસ્ત
- તુર્કિસ રિસોર્ટ અંતાલ્યા છાવણીમાં ફેરવી દેવાયું
- પેરિસ ટેરર એટેક અંગે એક હુમલાખોરની ઓળખ થઈ
- ઘણી સર્વિસ માટે નોટરી-એફિડેવિટની જરૂર નહીં
- વીરભદ્ર સામે મની લોંડરિંગ કેસ દાખલ : પુછપરછ થશે
- ૧૦ લાખની આવકવાળાને સબસિડી ન આપવા તૈયારી
- દલાલ સ્ટ્રીટમાં વેચવાલી જારી રહે તેવા સાફ સંકેત
- કઠોળ બાદ ચોખાના ભાવ વધવાના સંકેત
- બેંગ્લોર ટેસ્ટમાં વરસાદ વિલન બનતા ક્રિકેટ ચાહકમાં નિરાશા
- પેરિસમાં ૩૦૦૦થી પણ વધુ ગુજરાતીઓ સુરક્ષિત
- ટેસ્ટ રન વેળા ફ્રેંચ હાઈ સ્પીડ ટ્રેન ખડી પડતા ૧૦ના મોત

# પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારો

**પેટ્રોલમા ૩૬ અને ડીઝલમાં ૮૭ પૈસાનો વધારો : વેટ અને સેલટેક્સ ઉમેરાતા બંનેના ભાવમાં વધુ વધારો રહેશે**

**પેટ્રોલની કિંમતમાં પાંચ મહિનામાં પ્રથમ વખત, ડિઝલની કિંમતમાં ઓક્ટોબર બાદ ત્રીજી વખત વધારો કરાયો**

અમદાવાદ/નવી દિલ્હી,તા.૩૧

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ફરી એકવાર વધારો ઝીંકવામાં આવ્યો હતો. વેટ અને સેલટેક્સ સિવાય પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ક્રમશઃ લીટરદીઠ ૩૬ પૈસા અને ૮૭ પૈસાનો વધારો ઝીંકવામાં આવ્યો છે.સુધારવામાં આવેલી કિંમતો તાત્કાલિક ધોરણે અમલી કરી દેવામાં આવી છે. દિલ્હીમાં ૩૬ પૈસાના સુધારની સાથે પેટ્રોલની કિંમત હવે લીટરદીઠ ૬૧.૦૬ થઈ જશે. છેલ્લે પેટ્રોલની કિંમતમાં ૩૧મી ઓક્ટોબરના દિવસે સુધારો કરવામાં આવ્યો હતો. ૩૧મીએ પેટ્રોલ ૫૦ પૈસાનો ઘટાડો કરાયો હતો પરંતુ ડિઝલની કિંમતો યથાવત રાખવામાં આવી હતી. સાતમી નવેમ્બરથી સરકારે પેટ્રોલ પર એક્સાઇઝ ડ્યુટીમાં લીટરદીઠ ૧.૬૦ રૂપિયાનો વધારો કર્યો હતો જ્યારે ડિઝલ પર ૪૦ પૈસાનો વધારો કર્યો હતો. ઓઈલ કંપનીઓએ ગ્રાહકો ઉપર ડ્યુટીમાં વધારાને નહીં નાંખવાનો નિર્ણય કર્યો હતો. ફ્યુઅલ ઉપર એક્સાઇઝ ડ્યુટીમાં વધારાથી સરકારને વર્તમાન નાણાંકીય વર્ષના બાકીના ગાળામાં ૩૨૦૦ કરોડ રૂપિયાની આવક થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પેટ્રોલની કિંમતમાં ૩૧મી ઓક્ટોબરના દિવસે લીટર દીઠ ૫૦ પૈસાનો ઘટાડો વેટ અને સેલ ટેક્સ સિવાય કરવામાં આવ્યો હતો. પરંતુ ડિઝલની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. ૩૧મી ઓક્ટોબર પહેલા પહેલી સપ્ટેમ્બરના દિવસે પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ બે રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ડીઝલની કિંમતમાં બે વખત વધારો થઈ ચુકયો છે જેમાં ૧૬મી ઓક્ટોબરના દિવસે ૯૫ પૈસા અને પહેલી ઓક્ટોબરના દિવસે ૫૦ પૈસાનો વધારો કરાયો હતો.

# ત્રાસવાદ સામેની લડાઈ સંયુક્ત બની લડીએ : નરેન્દ્ર મોદી

**બ્રિક્સ લીડરો સમક્ષ મોદીએ ત્રાસવાદનો મુદ્દો ઉઠાવ્યો : હવે પહેલી ફેબ્રુઆરી ૨૦૧૬થી બ્રિક્સની ચેરમેનશીપની જવાબદારી ભારત પાસે આવશે : ત્રાસવાદ સામેની લડાઇને પ્રાથમિકતા આપવા મોદીની ખાતરી**



અંતાલ્યા, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પેરિસમાં થયેલા ભીષણ આતંકવાદી હુમલાની કઠોર શબ્દોમાં નિંદા કરી હતી. બ્રિક્સ બેઠકમાં મોદીએ કહ્યું હતું કે, ત્રાસવાદ સામેની લડાઈ માટે વિશ્વને હવે એક થઈને લડવાની જરૂર છે. જી-૨૦ શિખર બેઠક પહેલા મોદીએ આ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, આતંકવાદ સામેની લડાઈનો મુદ્દો બ્રિક્સ દેશોની પ્રાથમિકતામાં સામેલ થાય તે જરૂરી છે. બ્રિક્સની બેઠકમાં રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન, ચીનના પ્રમુખ શી જિંગપિંગ, દક્ષિણ આફ્રિકાના પ્રમુખ જેકોબ જુમા અને બ્રાઝિલના પ્રમુખ ડિલ્મા રોસેફ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ જી-૨૦ સમિટના ભાગરુપે બ્રિક્સ નેતાઓની બેઠકમાં કહ્યું હતું કે, પેરિસમાં આતંકવાદના ખતરનાક સ્વરુપને અમે એક સાથે વખોડીએ છીએ. આતંકવાદને રોકવા માટે સંયુક્ત પ્રયાસો હવે જરૂરી બની ગયા છે. ત્રાસવાદી હુમલાઓ હાલમાં

● અનુસંધાન પાન-૫ પર

# નીતીશ કુમારની ૨૦મીએ મુખ્યમંત્રી તરીકે તાજપોશી

પટના,તા. ૧૫

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં બે તૃતિયાંશ બહુમતિ મેળવી લીધાબાદ હવે નીતીશકુમારની ૨૦મી નવેમ્બરના દિવસે મુખ્યમંત્રી તરીકે તાજપોશી કરવામાં આવશે. નીતીશકુમાર ત્રીજી વખત મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. નીતીશકુમાર તેમના કેબિનેટની સાથે ૨૦મી નવેમ્બરના



દિવસે શપથ લેનાર છે. નીતીશકુમાર મહાગઠબંધનના લીડર તરીકે ચૂંટાઈ આવ્યા બાદ મુખ્યમંત્રી બનવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. રાજ્યપાલ રામનાથ સાથે બેઠક યોજ્યા બાદ રાજભવનની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા નીતીશકુમારે કહ્યું હતું કે, તેઓ ગાંધી મેદાનમાં બપોરે બે વાગે ૨૦મી નવેમ્બરના દિવસે શપથ લેશે.

**ગાંધી મેદાનમાં બપોરે બે વાગે શપથ લેશે**

આશરે ૪૫ મિનિટ સુધી રાજભવનમાં રાજ્યપાલ સાથે બેઠક યોજ્યા બાદ નીતીશકુમારે કહ્યું હતું કે, નવી કેબિનેટમાં મહાગઠબંધનના તમામ ત્રણેય પક્ષો જેડીયુ, આરજેડી અને કોંગ્રેસ સામેલ થશે. કેટલા પ્રધાનો તેમની સાથે ૨૦મી નવેમ્બરના દિવસે શપથ લેશે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, બિહાર ગૃહમાં મહત્તમ મર્યાદા ૩૬ની છે.

શપથ વિધિ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના વરિષ્ઠ નેતા એલકે અડવાણીને આમંત્રણ આપવામાં આવ્યું છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા કુમારે કહ્યું હતું કે, આ અંગે ટૂંકમાં જ નિર્ણય લેવાશે અને મિડિયાને પણ જાણ કરાશે. અગાઉ નીતીશકુમાર બેઠકમાં મહાગઠબંધનના લીડર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. લાલૂ યાદવ, જેડીયુના શરદ યાદવ, કોંગ્રેસના જનરલ સેક્રેટરી સીપી જોશી, જેડીયુના જનરલ સેક્રેટરી કેસી ત્યાગી, જેડીયુ, આરજેડી અને કોંગ્રેસના રાજ્યપ્રમુખો પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સંભવિત પ્રધાનોના નામ અંગે પૂછવામાં આવતા નીતીશકુમારે કોઈ વાત કરી ન હતી. તેમણે કહ્યું હતું કે, નામને લઈને કોઈ તકલીફ નથી. તમામ નામ પહેલાથી જ નક્કી કરવામાં આવી ચુક્યા છે. ત્રણેય મહાગઠબંધનના ભાગીદારો લોકોની અપેક્ષાઓને પુરી કરવા માટે કામ કરશે.

